## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ચીમકી કોઈને ચૂંટલો ખણે છે સુપ્રભાતમ્ ।*
*તાટસ્થ્ય સાચવીને સાચું ભણે છે સુપ્રભાતમ્ ।*
*રેડે પાણી પાડાની પીઠે, કરે રુદન અરણ્યે ।*
*શબ્દનાં શસ્ત્રે ધર્મયુદ્ધ લડે છે સુપ્રભાતમ્ ॥*
*('સુપ્રભાતમ્' ની યાત્રાને ૨૧ વર્ષ પૂર્ણ થયાં)*

### હાઈકુ

*આભાર સૌનો -*
*સ્વીકાર્યું ને વધાવ્યું,*
*સુપ્રભાતમ્...*

*યાચું છું ક્ષમા,*
*જો દુભવ્યું હોય દિલ*
*- સુપ્રભાતમ્...*

### ચિંતન

*નાસ્તિ દેહિનાં સુખદુઃખા ભાવઃ ।*

ઉપરોક્ત શ્લોક ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે.

જીવનમાં સુખદુઃખ આવ્યા જ કરે છે, તે જીવનના આવશ્યક અંગ સમાન છે. આથી, દુઃખના સમયે મનુષ્યે ભાંગી ન પડ્યું જોઈએ.

જેમ શરીરના દરેક અંગનું મહત્ત્વ છે તેમ શરીર સાથે જ સુખ-દુઃખના પ્રસંગો અને પરિસ્થિતિ પર જડાયેલી જ છે - એવી પરિસ્થિતિનો સ્વીકાર કરી મનથી જરા પણ વિચલિત થયા વિના શાંતિથી સ્વીકાર કરી તટસ્થ રહેવું જોઈએ.

### સુવિચાર

- ગરીબી હોવા છતાં એનામાં રહેલી દયા જ સજ્જનતાની નિશાની છે, પણ અમીરી હોવા છતાં એનામાં રહેલી દયાહીનતા જ દુર્જનાની નિશાની છે - **જનકલ્યાણ**
- ત્યાગ એના મૂળ અર્થમાં હોવો જોઈએ, ત્યાગ કરવા છતાં શાંતિ પેદા થઈ શકે નહિ તો એ ત્યાગ ખામી બેરેલો ગણાય, પ્રસન્નતા પેદા કરવી હોય તો અહંકારનો ત્યાગ થવો જોઈએ - **વિનોબા ભાવે**
- અભિમાનીને અભિમાનની જ મિત્રતા હોય છે - **સ્પેનીશ કહેવત**
- જીવંત અને પ્રેમાળ - નિર્મળ મનમાં સ્વર્ગ સ્વયં રચાય છે - **રજનીશ**
- દુઃખ વેઠવાનું નથી, સમજપૂર્વક ભોગવવાનું છે - **રવિશંકર મહારાજ**
- કર્નલો અને જનરલો જોઈએ એટલા બનાવી શકાય છે, વિદ્વાનો બનાવી શકાતાં નથી - **કવિ બાયરન**
- આજનું ઔષધ : બપોરે અને સાંજે ભોજન બાદ એક ચમચી આમળાનું ચૂર્ણ પાણી સાથે લેવાથી એસિડીટીમાં રાહત થાય છે.

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

જાણીતા ગઝલકાર અમૃત ઘાયલ અને પાજોદ સ્ટેટના દરબાર રુસવા મઝલૂમી જીગરજાન મિત્રો હતા. રુસવા સાહેબના ચાર સંતાનોને રાજકોટ ભણવા મૂકવાના હતા. બેગમે બાળકોને ગાર્ડિયન તરીકે ધ્યાન રાખવા ઘાયલને રાજકોટ મોકલ્યા હતા. ઘાયલે રાજકોટમાં અધૂરો અભ્યાસ પાછો શરુ કર્યો અને એસએસસીની પરિક્ષા પાસ કરી. આગળ પહેલાં વર્ષ કૉલેજની તૈયારી શરુ કરી. તેમની પરીક્ષા વખતે હિન્દુ-મુસ્લિમ હુલ્લડો ફાટી નીકળ્યા. હવે શું કરવું ? ઘાયલ પોતે બ્રાહ્મણ એક મુસલમાન મિત્રના ચાર બાળકોને બચાવવાની જવાબદારી, વળી સામે પરીક્ષા આવતી હતી. ઘાયલે નિર્ણય લીધો. દોસ્તી પહેલી, માનવતા પહેલી કારકિર્દી પછી. કૉલેજની પહેલા ધર્મની પરીક્ષાની ઐસીતૈસી કરીને ઘાયલ પાજોદ પાછા ગયા. અને ચારેય બાળકોને રુસવા સાહેબને પહોંચાડી દીધા.

આવા દોસ્તોને લીધે જ આઝાદી વખતે પાજોદ દરબાર રુસવા મઝલૂમી પાકિસ્તાન ન ગયા અને ભારતમાં જ રોકાઈ ગયા.

પ્રિય વાચક,

તા. ૨૪-૧૧-૧૯૯૬થી આરંભાયેલી 'સવારની સલામી' આજે ૨૧ વર્ષ પૂરાં કરે છે. આપ સૌના પ્રેમભર્યા આવકારને વંદન કરું છું.

આપ દ્વારા રૂબરૂ, ફોન દ્વારા કે પત્રોથી પ્રેરણા કે પ્રોત્સાહન મળતાં રહ્યાં એથું મારું પ્રેરક બળ બની રહ્યું.

માનનીય તંત્રી શ્રી કૃષ્ણકાન્ત ભાઈની શુભેચ્છા-આશીર્વાદ વિના આ શક્ય જ ન બન્યું હોત. હું એમનો ઋણી છું.

આપ સૌને આજના દિવસે હૃદયપૂર્વક આભાર સાથે વંદન કરું છું.

એ-૨૦૩, સિદ્ધરાજ ઝોલ્ડ,
સરગાસણ ચોકડી, બી માર્ટ પાસે,
ગાંધીનગર.

**સુરેશ. પ્રા ભટ્ટ**
મો. ૯૯૭૮૯ ૨૬૨૫૧

'સુપ્રભાતમ્'ને ૨૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે પૂજ્ય સુરેશભાઈ ભટ્ટને ખૂબ જ અભિનંદન પાઠવું છું.

સુરેશભાઈ ભટ્ટ ગાંધીનગર સમાચારના માધ્યમથી સામાજિક જીવન, ધર્મ, શિક્ષણ, રાજકારણ, હાઈકુ, મુક્તકોનો રસાસ્વાદ કરાવી રહ્યા છે અને વાચકો આ રસલ્હાણથી તૃપ્ત થઈ રહ્યા છે.

હવે તો એવું થાય છે કે, સુપ્રભાતમ્ કોલમ વાંચીએ તો જ સવાર પડે છે.

સતત વીસ વર્ષથી શબ્દોની સલામી અને સંસ્કારી લેખનનું રસપાન કરાવનાર સુરેશભાઈ ભટ્ટ (દાદા)ને ઈશ્વર દિર્ઘાયુ આપે એવી પ્રાર્થના. આદરણીય સુરેશભાઈના માનમાં એવું કહીશ -

*ખુશિયાં હંમેશા ચંદન કી તરહ હોતી હૈ ।*
*દૂસરો કે માથે પર લગાઓ તો અપની ભી ઉંગલિયાં મહક જાતી હૈ ॥*

- કાનન ઓઝા

# પાટીદાર સમાજ કોઈની કાયમી જાગીર ન જ બની શકે

**તંત્રીસ્થાનેથી...**

વિધાનસભાની ચૂંટણીમાં સતત જે મુદ્દે બેઉ રાષ્ટ્રીય પક્ષો દ્વિધામાં રહ્યા કરતા હતા તે પાટીદાર સમાજ આંદોલનના નેતા હાર્દિક પટેલે કોંગ્રેસ દ્વારા રજૂ કરાયેલ અનામત અંગેની નવતર ફોર્મ્યુલાનો સ્વીકાર કરી લેતાં હવે જુદ્ધે ચડેલા યુવા પાટીદાર સમાજનો સવિશેષ સહયોગ કોંગ્રેસને મળશે એટલું તો નક્કી થઈ જ ગયું છે. શાસક ભારતીય જનતા પાર્ટી અને સરકાર દ્વારા 'પાસ' ને મનાવવા-પટાવવાના પ્રયત્નો મહદંશે નિષ્ફળ રહ્યા છે છતાં એ પૈકીના કેટલાક યુવા નેતાઓએ જરૂર ભાજપનો ખેસ પહેલી લીધો છે અને હાર્દિક પટેલ વિશે નિત્ય નવાં ગતકડાં પણ વહેતાં કરવા લાગ્યા છે. પરંતુ પાટીદાર અનામત આંદોલનના કેન્દ્રમાં હાર્દિક પટેલ જ રહેવા પામ્યો છે, જેની નોંધ પ્રજાથી લઈ સરકારે તો લીધી જ છે બલકે છેક વિદેશમાં પણ લેવાઈ છે. સીડી પ્રકરણથી તો હાર્દિકને ઊલટાની સહાનુભૂતિ સાંપડી છે. હાર્દિક પટેલે એનુ ખુદ્દારી અને ખુમારી અંતપર્યંત ટકાવી રાખી છે. એ પ્રલોભનોને વશ થયો હોત તો કદાચ પ્રજાએ એનામાં મૂકેલો વિશ્વાસ ડગી ગયો હોત. જો કે એનાં વિધાનો વારંવાર વિવાદાસ્પદ બનતાં રહ્યાં છે, પણ એણે સંકલ્પપૂર્વક પાટીદાર આંદોલનને દબાવવા કે પટાવવા માગતા સત્તાધીશો સામે ઝીંક ઝીલી છે, તે એનામાં રહેલા ઉત્કૃષ્ટ આત્મબળનું પ્રમાણ છે. એણે કોંગ્રેસ સાથે સંબંધ સ્થાપિત કરતાં પણ ફૂંકી ફૂંકીને ડગ ભર્યાં છે. હાર્દિક પટેલની તાકાતને ઓછી આંકવાનું બેઉ રાષ્ટ્રીય પક્ષોને ભારે પડે એમ હતું. શાસક ભારતીય જનતા પાર્ટીએ એને પોતાના સમર્થનમાં ખેંચવા કેટકેટલાં સમાધાન કર્યાં, કેવાં કેવાં મોટાં માથાંને પાટીદાર સમાજના પ્રશ્નો ઉકેલવા સામે ચાલીને બોલાવ્યાં, પણ હાર્દિક પટેલે નમતું ન જોખ્યું તે તે ન જ જોખ્યું. કોંગ્રેસ સાથેનું એનું સમાધાન પણ ચૂંટણી પૂરતું સીમિત છે. અલ્પેશ ઠાકોર કે જિગ્નેશ મેવાણીની જેમ એણે કોંગ્રેસનો ખેસ નથી પહેરી લીધો. કોંગ્રેસ જો પાટીદારોનો સહયોગ મળતાં સત્તાસ્થાને આવો તો જકપિલ સિબ્બલ જેવા ધુરંધર ધારાશાસ્ત્રીએ સૂચવેલી ફોર્મ્યુલા મુજબ સમાંતર 'ઓબીસી' જેવો દરજ્જો પાટીદાર સમાજને આપી શકાય. હાર્દિકે કોંગ્રેસને સત્તાસ્થાને પહોંચાડવાનું આવું શરતી બીડું ઝડપ્યું છે એથી સ્વાભાવિક રીતે જ ઉત્તર ગુજરાતના પાટીદાર પ્રતિનિધિ અને વર્તમાન નાયબ મક્યમંત્રી નીતિનભાઈ પટેલે મિજાજ ગુમાવીને હાર્દિક વિરુદ્ધ તીખાં વાગ્બાણ છોડ્યા છે. નીતિનભાઈનો ઉશ્કેરાટ જ સૂચવે છે કે હાર્દિકનું કોંગ્રેસ સાથેનું ચૂંટણી જોડાણ પાટીદાર વોટબેંકને વેરવિખેર કરી શકે છે. કોંગ્રેસ માટે તો હાર્દિક અને એની યુવા ટીમ જે કંઈ ખેંચી લાવે તે નફો જ હશે. ભારતીય જનતા પાર્ટીએ પાટીદાર વોટબેંકને જ પોતાની તારણહાર માની લીધી એ પણ કેવી વિડંબના છે! આથી એનું જાતિવાદી સ્વરુપ છતું થયું છે અને પાટીદારો જાણે પોતાની અસ્કામત બની રહેવા જ સરજાયા હોય એવી એની મંશા પણ છાની નથી રહી. કોઈ પણ સમાજ આજે સાગમટે કોઈ એક પાર્ટીમાં જ જોડાય તે અશક્યવત્ બાબત છે. પરંતુ સત્તાનાં સમીકરણ માંડનારા વિવિધ જ્ઞાતિસમાજોને એકમેકની સામસામે મૂકી દઈ જીત કે હારનાં ગણિત માંડે છે. જો પાટીદાર સમાજ જેવો સુસંસ્કૃત અને બુદ્ધિશાળી સમુદાય કોઈ એક નેતા કે પાર્ટીની આંગળીના ઈશારે નાચે તો એનામાં અને બિહારના પછાત સમાજમાં ફેર શું? આગામી ચૂંટણીમાં આવાં સમીકરણોનો છેદ ઊડતો વરતાશે તો એ પણ લોકશાહીની ઉપલબ્ધિ જ બની રહેશે.

# ગૌરવ-ગાથા ગીતાની!



**અમર વારસો**
ડૉ. રશ્મિકાન્ત મહેતા

માગશર સુદ ૧૧ ગીતાજયંતિ છે. આ નિમિત્તે એને લગતા અભિપ્રાયો અહીં સંકલિત છે :

(૧) ગીતાનું સારી રીતે પઠન કર્યું હોય, તો પછી બીજા શાસ્ત્રોની જરૂર શું છે ? એ તો પોતે જ શ્રી વિષ્ણુનાં મુખકમળમાંથી નીસરેલી છે. - મહાભારત

(૨) ભગવદ્ ગીતા જરાક પણ વાંચી, એટલે જાણે કે ગંગાજળના બિન્દુનો આસ્વાદ ! - શંકરાચાર્ય

(૩) ગીતાનો જ પાઠ કરવો. એ વિષ્ણુ સહસ્ત્રનામના પાઠ બરોબર છે. - શંકરાચાર્ય

(૪) ગીતાનો અભ્યાસ કરતો હોય, એ સુખી છે. એ કર્મોનાં બંધનોથી લેપાતો નથી. જે ઘરમાં ગીતાનું પુસ્તક હોય, એનો પાઠ થતો હોય; ત્યાં જ પ્રયાગ વગેરે તીર્થો રહેલાં છે. એની સહાયમાં દેવો, ઋષિઓ, બાલકૃષ્ણ, નારદ, ધ્રુવ રહેલા છે. સંસાર સાગર અગાધ છે. પરંતુ ગીતાની નૌકાથી તે આરામથી તરી શકાય છે. ગીતાનાં જળમાં એકવાર પણ સ્નાન કર્યું હોય, તો સંસારના મેલ ધોવાઈ જાય છે. જે ઘરમાં ગીતાનું પૂજન થાય છે, ત્યાં દુઃખ કે પીડાને કોઈ સ્થાન નથી. ગીતા જ ગંગા, ગાયત્રી, સરસ્વતી અને બ્રહ્મવિદ્યા છે. - વરાહપુરાણ

(૬) બધા ઉપનિષદો ગાયો છે. એને દોહનારા ગોપાલકૃષ્ણ છે. અર્જુન એનો વત્સ છે. ગીતાં મહત્ત્વનું દૂધમાંથી નીતરેલું અમૃત છે. - સુભાષિત

(૭) શાસ્ત્રોનું અવલોકન અને મહાપુરાણોનાં વચનો સાંભળી ને હું આ નિર્ણય ઉપર આવ્યો છું કે આ સંસારમાં ભગવદ્ ગીતાની તોલે આવી શકે એવો, કલ્યાણકારી અને ઉપયોગી કોઈ પણ ગ્રંથ નથી. - જયદયાલ ગોયન્દકા

(૮) ગીતા જેવો બીજો કોઈ ગ્રંથ વિશ્વની કોઈ પણ ભાષામાં નથી. હિંદુ ધર્મના તત્ત્વોને સંક્ષેપમાં સ્પષ્ટ પણે સમજાવી શકે એવો, ગીતાની જેવો બીજો કોઈ ગ્રંથ સંસ્કૃત સાહિત્યમાં નથી. - લોકમાન્ય તિલક

(૯) મારું શરીર માતાના દૂધથી પોષાયું છે; પરંતુ તેનાથી યે વધુ પોષણ મારાં હૃદય અને બુદ્ધિને ગીતાનાં દૂધથી થયું છે. ગીતા એટલે મારું પ્રાણતત્ત્વ. - વિનોભા ભાવે

(૧૦) મને તો કોઈ પણ ધર્મસંકટ એટલે હું ગીતામાતાનું શરણ લઉં છું અને શરણાગત મને એણે સદાય પથદર્શન કર્યું છે. ગીતામાના ખોળામાં જે માથું રાખે એને નિરાશા કદાપિ ન થાય. નિત્ય પ્રભાતના પ્રહરમાં ગીતા તમે વાંચી જુઓ અને એનો ચમત્કાર પોતે અનુભવ્યો. - મહાત્મા ગાંધી

(૧૧) ગીતાની સાથે સરખાવતાં, હાલનાં જગતનું બીજું બધું જ્ઞાન મને તુચ્છ લાગે છે. હું રોજ પ્રાતઃકાળે મારા હૃદય અને બુદ્ધિને, ગીતાનાં પવિત્ર જળનાં સ્નાન કરાવું છું. - થોરો

(૧૨) ગીતા-દુનિયાની અઢળક સંપત્તિ વડે પણ ખરીદી ન શકાય એવો, ભારતનો અમૂલ્ય અને અલૌકિક ખજાનો છે. - યહુદી મોલેઝ

(૧૩) ગીતા માત્ર અધ્યાત્મ ગ્રંથ નથી; સાથોસાથ વિશ્વવ્યાપી લોકપ્રિયતા પ્રાપ્ત કરી હોય, તેવું મહાન કાવ્ય પણ છે. - સર એલન જેકબલ

(૧૪)અણને ગીતાના અભ્યાસથી ઉત્તમ લાભ થયો છે. આ મૂલ્યવાન ગ્રંથમાંથી અમે જાણી શક્યા છીએ, કે સૌનું કલ્યાણ કેમ થાય. તેથી અમે હાઈસ્કૂલનાં બીજા વિદ્યાર્થીઓને આગ્રહ કરીએ છીએ, કે તેઓ આને વાંચે. - અમેરિકાની રિવર હાઈસ્કૂલનાં બે વિદ્યાર્થીઓ (૨૦૦૩)

# ઈન્ટરનેશનલ ઓલમ્પિક કમિટિનું મુખ્યાલય કયાં આવેલું છે ?

**ખજાનો**
અનિલ પટેલ

### ખેલ જગત

૧ જી.ઈ. શ્રીધરન કઈ રમત સાથે સંકળાયેલ છે ?
(અ) ખોખો (બ) વોલીબોલ
(ક) ક્રિકેટ (ડ) બેઝબોલ

૨ નીચેનામાંથી કઈ ખેલાડી શતરંજની રમત સાથે સંકળાયેલા નથી?
(અ) તાન્યા સચદેવ (બ) વિશ્વ આનંદ
(ક) દિવ્યેન્દુ બરુઆ (ડ) યોગેશ્વર દત્ત

૩ કુંજરાની દેવીનું નામ કઈ રમત સાથે સંકળાયેલ છે?
(અ) સ્વીમીંગ (બ) બેડમિન્ટન
(ક) વેઈટ લીફટીંગ (ડ) જુડો

૪ નીચેનામાંથી કયા ખેલાડી તરણ સ્પર્ધા સાથે સંબંધિત નથી ?
(અ) લજ્જા ગોસ્વામી (બ) આરતી સહાના
(ક) મિહિન સેન (ડ) બુલા ચૌધરી

૫ દીપિકા પલ્લીકલ કઈ રમત સાથે સંકળાયેલ છે ?
(અ) પર્વતારોહણ (બ) તીરંદાજી
(ક) સ્કવૉશ (ડ) લાંબો કુદકો

૬ ભારત રત્ન મેળવનાર પ્રથમ ખેલાડી કોણ છે ?
(અ) કપિલ દેવ (બ) સચિન તેંડુલકર
(ક) વિશ્વનાથ (ડ) મહેન્દ્રસિંહ ધોની

૭ કૃપાલી પટેલ કઈ રમત સાથે સંકળાયેલાં છે ?
(અ) બિલિયર્ડ (બ) શૂટીંગ
(ક) શતરંજ (ડ) જિમ્નાસ્ટીક

૮ ટેનિસ ખેલાડી માર્ટિના હિંગિસ કયા દેશના છે?
(અ) અમેરિકા (બ) સ્વિત્ઝર્લેન્ડ
(ક) ઈંગ્લેન્ડ (ડ) સર્બિયા

૯ દ્રોણાચાર્ય એવોર્ડ કેનો અપાય છે ?
(અ) રમતના કોચને (બ) ક્રિકેટના ખેલાડીને
(ક) ક્રિકેટ એમ્પાયરને (ડ) ક્રિકેટના સફળ આયોજકને

૧૦ ઈન્ટરનેશનલ ઓલમ્પિક કમિટિનું મુખ્યાલય કયાં આવેલું છે ?
(અ) લુસાન (બ) જીનિવા
(ક) પેરીસ (ડ) બ્રસેલ

૧૧ ઈન્ડિયન ઓલમ્પિક એસોશિયેશનના પ્રથમ અધ્યક્ષ કોણ હતા ?
(અ) જન. કે.એમ. કરિઅપ્પા (બ) સર દોરાબજી ટાટા
(ક) મદનલાલ (ડ) પ્રો. બી.ડી. સોઢી

૧૨ 'ગોલ' કયા ખેલાડીનું પુસ્તક છે?
(અ) મેજર ધ્યાનચંદ (બ) રંગા સ્વામી
(ક) ઉદ્યમસિંહ (ડ) ધનરાજ પિલ્લે

૧૩ સ્પોર્ટ ઓથોરિટી ઑફ ઈન્ડિયાની સામાન્ય સભાના અધ્યક્ષ સ્થાને કોણ હોય છે ?
(અ) રાષ્ટ્રપતિ (બ) વડાપ્રધાન
(ક) ખેલમંત્રી (ડ) ખેલમંત્રીના સચિવ

૧૪ કઈ રમતના ખેલાડીને સ્પાઈકર્સ કહેવામાં આવે છે ?
(અ) ફુટબોલ (બ) બાસ્કેટ બોલ
(ક) બેઝબોલ (ડ) વૉલીબોલ

૧૫ બોક્સિંગનો જાણીતો ખેલાડી રિકાર્ડો જુલીયો કયા દેશનો ખેલાડી છે ?
(અ) વેસ્ટ ઈન્ડિઝ (બ) જર્મની
(ક) મેક્સિકો (ડ) સ્પેન

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા મહાનુભાવોના જન્મ દિવસ**

- **૨૪ નવેમ્બર ૧૯૨૪ :** જાણીતા ગાંધીવાદી અને સર્વોદય કાર્યકર. વલસાડમાં જન્મ. મહાત્મા ગાંધીના અંગત સચિવ મહાદેવ દેસાઈના પનોત્રા પુત્ર. ગાંધીજીના સાંનિધ્યમાં ઉછર્યા. 'પાવન પ્રસંગો', 'જય પ્રકાશ નારાયણ', 'સામ્યયોગી વિનોબા' જેવા નોંધપાત્ર પુસ્તકોનું પ્રદાન આપનાર સાહિત્ય અકાદમી એવોર્ડ વિજેતા
- **૨૫ નવેમ્બર : ૧૮૩૫ : એન્ડ્રયુઝ કાર્નેજ :** પોલાદ ઉદ્યોગના જનક સ્કોટલેન્ડમાં જન્મ. અમેરિકા અભ્યાસ અર્થે ગયા. રાત્રી શાળામાં ભણ્યા. બોલીન બોય તરીકે દિવસે કામ કર્યું. પોસ્ટમેન બન્યા. વાંચનના શોખીન એન્ડ્રયુએ અસંખ્ય મફત પુસ્તકાલયો સ્થાપ્યા.
- **૨૬ નવેમ્બર ૧૪૬૯ :** શીખ ધર્મના પ્રવર્તક ત્યાગમૂર્તિ નાનકદેવનો જન્મ લાહોર જિલ્લાના તલવંડી ગામમાં થયો હતો. દયાળુ, ઉદાર, સત્ય વક્તા એ ધર્મનો માર્ગ પકડ્યો. હિન્દુઓ ગુરુ માનતા તો મુસલમાનો પીર માનતા. શીખ ધર્મને મજબૂત બનાવ્યો. ૭૦ વર્ષની વયે ૧૫૩૯માં અવસાન થયું.
- **૨૭ નવેમ્બર ૧૯૨૮ : બકુલ ત્રિપાઠી :** હાસ્ય લેકક બકુલ પદ્મશંકર ત્રિપાઠી નડિયાદના વતની હતા. વાણિજ્ય સંચાલનના અધ્યાપક બન્યા. વિલક્ષણ દૃષ્ટિબિંદુથી તેમણે હાસ્યનિબંધ સર્જ્યા. 'સચરાચર', 'દ્રોણાચાર્યનું સિંહાસન' એમના જાણીતા નિબંધ સંગ્રહ છે. વર્તમાન પત્રમાં કટાક્ષ લેખ અને કોલમથી પ્રસિદ્ધિ મેળવી. ૩૧.૦૮.૨૦૧૬ના રોજ અવસાન પામ્યા.
- **૨૯ નવેમ્બર ૧૮૬૯ : ઠક્કરબાપા :** પૂજ્ય ગાંધીજીએ જેમને સેવાના સાગર કહ્યા તેવા અમૃતલાલ ઠક્કરનો જન્મ ભાવનગરમાં થયો હતો. રેલવેમાં નોકરી કરી. સમાજ સેવા માટે નોકરી છોડી. 'બાપા'નું બિરુદ તેમને પંચમહાલમાં મળ્યું. ભીલ જાતિ માટે કામ કર્યું. 'હરિજન સેવા સંઘ' સંસ્થા તેઓ મંત્રી બન્યા. ૧૯૫૧માં અવસાન પામ્યા.
- **૩૦ નવેમ્બર ૧૮૩૫ : માર્ક ટ્વેઈન :** નિર્દોષ હાસ્ય સાહિત્યના જનક, હાસ્ય સમ્રાટ અમેરિકામાં ખ્યાતી મેળવનાર. કલ્પનાશક્તિના માલિક અને રમૂજી સ્વભાવના માર્ક ટ્વેઈનને 'ઓક્ષફર્ડ' અને 'ઓઈલ વિદ્યાપીઠ' એ માનવ પદવીઓ એનાયત કરી બહુમાતન કર્યું. ૧૯૧૦માં અવસાન થયું.

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલ કયું મહત્ત્વનું ખાતું સંભાળે છે ?**
**જવાબ : રેલવે મંત્રાલય**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૨) નટુભાઈ દરજી : પેથાપુર
(૩) મહેશ જાદવ : રાયસણ
(૪) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪
(૫) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭
(૬) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**ગુજરાતના જાણીતા રંગભૂમિના કલાકાર, નિર્દેશક અને નિર્માતા એવા કયા મહાનુભાવનું તાજેતરમાં અવસાન થયું?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,**
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

# ઓવરટેક

**રંગ-ઉમંગ**
કાનન ઓઝા

એક છોકરો પોતાના માતા-પિતા સાથે ફરવા માટે નિકળ્યો. ત્યારે પિતા ગાડી ચલાવતા હતા. ત્યારે દીકરો પાછળ બેઠો હતો. પિતાને પોતાની આ ગાડી ખૂબ જ વ્હાલી હતી. એટલે ખૂબ કાળજીપૂર્વક લગભગ ૮૦ની સ્પીડથી ગાડી ચાલી રહી હતી.

થોડીવાર પછી એક આધુનિક ગાડી આ ગાડીને ઓવરટેક કરીને આગળ નીકળી ગઈ. પાછળની સીટ પર બેઠેલો દીકરાએ પિતાને કહ્યું, 'પપ્પા આ ગાડી આપણી આગળ નીકળી ગઈ હવે તમે પણ જરા લીવરનો ઉપયોગ કરો આગળ એ ગાડીને ઓવરટેક કરી લઈએ.'

પિતાએ હસતા હસતા કહ્યું, 'બેટા એ શક્ય નથી કારણ કે આપણી ગાડી કરતાં એ ગાડીની કેપેસીટી વધુ સારી છે.' હજી તો વાત ચાલુ જ હતી ત્યાં ફરીથી એક કાર વાયુવેગે આવી અને સાઈડ કાપીને આગળ નીકળી ગઈ, છોકરાએ પિતાને કહ્યું, 'શું પપ્પા તમે પણ આમ ગાડી આગળ નીકળી ગઈ જરા લીવર દબાવો.' પિતાએ થોડા ગુસ્સા સાથે કહ્યું, 'તને આપણી આગળ નીકળી ગઈ એ કાર જ દેખાય છે ? આપણા કરતા સામાન્ય સ્થિતિની ઘણી કાર છે જે હજુ આપણી પાછળ જ છે. આજે ગાડીઓ આગળ નીકળી રહી છે. લીવર દાબીએ તો આપણે આગળ તો ન જ થઈ શકીએ પણ ઉલ્ટાની આપણી ગાડીને કંઈક નુકશાન ન થાય.'

છોકરાએ ધીમેથી પપ્પાને વહાલ કરતા કહ્યું, 'પપ્પા તો પછી મારી સરખામણી તમે બીજા અતિ હોંશિયાર વિદ્યાર્થીઓ સાથે કરીને મને કેમ સતત ટોક ટોક કર્યા કરો છો ? હું એની સાઈડ કાપવા જઈશ તો મને પણ નુકશાન ન થઈ શકે ? અને મારી આગળ નીકળી ગયેલા બધા જ વિદ્યાર્થી તમને દેખાય છે પણ હું બીજા ઘણા કરતાં આગળ છું એ તમને કેમ નથી દેખાતું.'

આઈન્સ્ટાઈ સરસ વાત કહે છે કે - 'બાળખ એક જયોત છે. દરેક જયોત એકસરખું અજવાળું આપી શકતું નથી. પણ દરેક જયોત - ભલે પોતાની શક્તિ અનુસાર - અજવાળું આપી શકે છે તે નક્કી વાત છે.' જયોત તમે પેટાવી શકો, પવનના ઝાપટાથી બુઝાઈ ન જાય એની તકેદારી રાખી શકો, જરૂર પડ્યે એની વાટ સંકોરી શકો, પણ તમારે જોઈએ છે એવો ને તમારે જોઈએ છે એટલો પ્રકાશ એણે આપવો જ જોઈએ એવો આગ્રહ ન રાખી શકો. જયોત જેટલો પ્રકાશ આપે એટલા પ્રકારનું તમારે સ્વાગત કરવું જ જોઈએ. આવું જ બાળકનું છે એને તમારે એની રીતે વિકસવા દેવાનું છે. એની શક્તિ કુંઠિત ન થઈ જાય તેનું ધ્યાન રાખવાનું છે પોતાની શક્તિ મુજબ એ જ કંઈ કરી શકે તેનું સ્વાગત કરવાનું છે.